### સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા સિમેન્ટ મિક્સર ખાડામાં ઉતરી પડ્યું

# ડભોઇ-વેગા માર્ગ પર મિક્સર ટ્રક પલટી મારી, ચાલકનો આબાદ બચાવ

**સ્થાનિકોએ** રેસ્ક્યુ કરી ઈજાગ્રસ્તને હોસ્પિટલ પહોંચાડ્યો



(પ્રતિનિધિ), વડોદરા. તા.16

વડોદરા જિલ્લાના ડભોઇ-વેગા રોડ પર આજે એક અકસ્માત સર્જાયો હતો. સિમેન્ટ ભરેલા એક મિક્સર ટ્રકના ચાલકે અચાનક સ્ટીયરીંગ પરથી કાબુ ગુમાવતા ભારેખમ ટ્રક રોડની સાઈડમાં આવેલા ઉંડા ખાડામાં પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ટ્રક ચાલકને શરીરે ઈજાઓ પહોંચી હતી, જોકે સદનસીબે કોઈ મોટી જાનહાનિ નોંધાઈ નથી. મળતી માહિતી મુજબ, આજે ડભોઈથી વેગા તરફ જઈ રહેલી સિમેન્ટ મિક્સર ટ્રક જ્યારે વેગા નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે ચાલકની કોઈ અગમ્ય કારણોસર સ્ટેરીંગ પરની પકડ છૂટી ગઈ હતી. નિયંત્રણ ગુમાવતાની સાથે જ મિક્સર ટ્રક રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને જોતજોતામાં બાજુમાં આવેલ ખાડામાં ઊંધી પલટી મારી ગઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે મિક્સર પલટી મારતા મોટો અવાજ થયો હતો, જેના પગલે આસપાસના લોકો અને રાહદારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માત સર્જાતા જ ટ્રક ચાલક કેબિનમાં ફસાઈ ગયો હતો. ઘટનાસ્થળે હાજર રાહદારીઓએ ભારે જહેમત બાદ કાચ તોડીને ચાલકને સુરક્ષિત બહાર કાઢ્યો હતો.

તાત્કાલિક 108 ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચતા જ ઈજાગ્રસ્ત ચાલકને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે ડભોઈની રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

આ અકસ્માત સમયે રોડ પર અન્ય કોઈ વાહન કે પદયાત્રી ચાલકની અડફેટે ન આવતા એક મોટી દુર્ઘટના ટળી હતી. ટ્રક પલટી ગઈ હોવાથી માર્ગ પર થોડા સમય માટે કુતૂહલવશ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, ચાલકની હાલત હાલ સ્થિર છે અને તેને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી છે.

### મેરેન્ગો એશિયાનો મોટો ડીલ:

# સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ્સમાં સુરત-વડોદરાની 400 બેડ ક્ષમતાનો સમાવેશ થશે



(પ્રતિનિધિ) વડોદરા, તા.16

મેરેન્ગો એશિયા હોસ્પિટલ્સે સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ્સમાં બહુમતી હિસ્સેદારીનું અધિગ્રહણ પૂર્ણ કરીને પશ્ચિમ ભારતમાં પોતાની ઉપસ્થિતિ વધુ મજબૂત બનાવી છે. સુરત અને વડોદરા સ્થિત એનએબીએચ માન્યતા પ્રાપ્ત બે હોસ્પિટલ્સની કુલ ૪૦૦ બેડ ક્ષમતાના સમાવેશ સાથે આ સોદો ગુજરાતના આરોગ્ય ક્ષેત્રમાં મહત્વપૂર્ણ વિકાસ માનવામાં આવી રહ્યો છે. આ અધિગ્રહણ બાદ અમદાવાદ અને ભુજમાં પહેલેથી કાર્યરત એકમો સાથે મેરેન્ગો એશિયા હોસ્પિટલ્સનું રાજ્યમાં કુલ નેટવર્ક ૧૧૫૦થી વધુ બેડ સુધી વિસ્તર્યું છે. જૂથ તૃતિયક અને ચતુર્થક સારવાર સાથે વિવિધ સુપર-સ્પેશિયલિટી ક્ષેત્રોમાં 'સેન્ટર્સ ઓફ એક્સેલન્સ' વિકસાવવા તથા દર્દી-પ્રથમ અભિગમને વધુ મજબૂત બનાવવા પ્રતિબદ્ધ છે. ડૉ. રાજીવ સિંઘલે જણાવ્યું હતું કે વડોદરા અને સુરત જેવા મહત્વના શહેરોમાં પ્રવેશથી અદ્યતન સારવાર હવે દર્દીઓના ઘર નજીક ઉપલબ્ધ બનશે. સનશાઈન ગ્લોબલ હોસ્પિટલ્સના સંકલન બાદ જૂથ હવે દેશભરમાં ૮ હોસ્પિટલ્સ સાથે ૨૫૦૦ બેડ, ૧૦૦૦થી વધુ ડૉક્ટરો અને ૫૨૦૦ કર્મચારીઓનું મજબૂત નેટવર્ક ધરાવે છે. બારોડા મેડિકેર પ્રા. લિ.ના ડિરેક્ટર ડૉ. ભીખુભાઈ પટેલ તથા ડૉ. રાજીવ શાહે જણાવ્યું હતું કે આ ભાગીદારીથી ગુણવત્તાયુક્ત અને દર્દીકેન્દ્રિત આરોગ્ય સેવાઓ વધુ સશક્ત બનશે. આ વિસ્તરણથી દક્ષિણ અને મધ્ય ગુજરાતના દર્દીઓને સુપર-સ્પેશિયલિટી સારવાર વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે

### સ્થાનિક ચૂંટણીમાં મતદારોને જાગૃત કરવા અનોખો અખતરો

# રીલ્સમાં નહીં, રિયલમાં બહાર આવો! વડોદરામાં ચૂંટણી પહેલા પોસ્ટરથી મચ્યો ખળભળાટ

વોર્ડ નંબર 10 માં ઉમેદવારોનો વિરોધ કરવા માટે યુવા પેઢીનો સહારો લેવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો જંગ જામી રહ્યો છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. શહેરમાં ઉમેદવારોના નામ જાહેર થયા બાદ શરૂ થયેલો આંતરિક અસંતોષ હવે દીવાલો પર લાગેલા પોસ્ટરો અને બેનરો દ્વારા સપાટી પર આવી રહ્યો છે. ખાસ કરીને શહેરના વોર્ડ નંબર 10 માં ફરી એકવાર ઉમેદવારોના વિરોધમાં અનોખા બેનરો જોવા મળતા રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે. આ વખતે વિરોધ પ્રદર્શનની શૈલીમાં




આધુનિકતા જોવા મળી રહી છે. શહેરમાં ઠેર-ઠેર લાગેલા બેનરોમાં નવી પેઢી એટલે કે 'Gen Z' ને સીધું સંબોધન કરવામાં આવ્યું છે. આ બેનરો દ્વારા યુવાનોને શીખ આપવામાં આવી છે કે તેઓ માત્ર સોશિયલ મીડિયા પર 'રીલ્સ' બનાવીને સંતોષ ન માને, પરંતુ વાસ્તવિક જીવનમાં બહાર આવીને ક્રાંતિકારી બને. સ્થાનિક ચૂંટણીમાં મતાધિકારનો ઉપયોગ કરવા અને ઉમેદવારોની પસંદગી બાબતે મતદાતાઓને પરોક્ષ રીતે સમજાવવાનો આ એક ગંભીર પ્રયાસ હોવાનું જણાય છે. ઉલ્લેખનીય છે કે, સત્તાધારી પક્ષ દ્વારા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવતા જ વડોદરાના વિવિધ વિસ્તારોમાં વિરોધના સૂર ઉઠ્યા હતા. અગાઉ પણ અનેક વિસ્તારોમાં ઉમેદવારોના નામ સામે નારાજગી વ્યક્ત કરતા પોસ્ટરો લાગ્યા હતા, ત્યારે હવે ચૂંટણીના ટાણે વોર્ડ નંબર 10 માં આ પ્રકારની કટાક્ષમય અપીલ સાથેના બેનરોએ સૌનું ધ્યાન ખેંચ્યું છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં જો આ પ્રકારનો સુષુપ્ત વિરોધ મતદાનના દિવસે પેટીમાં દેખાશે, તો ચૂંટણીના પરિણામો કોઈ પણ રાજકીય પક્ષની ધારણા કરતા તદ્દન જુદા અને ચોંકાવનારા આવી શકે છે.

### સુગઠિત નીતિગત વેગથી PNG વિસ્તરણ તેજ ગતિએ

# માર્ચ 2026થી 4.40 લાખ નવા PNG કનેક્શન અપાયા

**સ્વચ્છ ઊર્જા** સુલભતા વધારવા કેન્દ્ર સરકારની સંકલિત વ્યૂહરચનાને મળ્યો વેગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા – પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય (MoPNG)ના જણાવ્યા મુજબ, ભારત સરકારે સ્વચ્છ ઊર્જા સુલભતાને મજબૂત બનાવવા અને પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવા માટે પાઈપ્ડ નેચરલ ગેસ (PNG) વિસ્તરણને નીતિગત સ્તરે ઝડપી ગતિ આપી છે. સંકલિત નીતિ માળખા હેઠળ દેશભરમાં PNG ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વ્યાપ નોંધપાત્ર રીતે વિસ્તરતો જોવા મળી રહ્યો છે. મંત્રાલયના આંકડા મુજબ માર્ચ 2026થી અત્યાર સુધીમાં આશરે 4.40 લાખ PNG કનેક્શન ગેસિફાઈડ કરવામાં આવ્યા છે, જ્યારે વધુ 4.88 લાખ ગ્રાહકોએ નવા PNG કનેક્શન માટે નોંધણી કરાવી છે. આ વધતી માંગ PNG વિસ્તરણ માટે સરકાર દ્વારા અપનાવવામાં આવેલી વ્યૂહાત્મક નીતિઓની અસરકારકતા દર્શાવે છે. સરકારે કુદરતી ગેસ અને પેટ્રોલિયમ ઉત્પાદનો વિતરણ આદેશ, 2026ની અધિસૂચના અમલમાં મૂકી શહેર ગેસ વિતરણ (CGD) માળખામાં સમયબદ્ધ વિકાસને પ્રોત્સાહન આપ્યું છે. આ પગલાંથી અધિકૃત ભૌગોલિક વિસ્તારોમાં PNG અમલીકરણ વધુ સુવ્યવસ્થિત બન્યું છે. ઘરેલુ સ્તરે PNG પ્રવેશ વધારવા માટે રાષ્ટ્રીય PNG ડ્રાઈવ 2.0ની મુદત 30 જૂન 2026 સુધી લંબાવવામાં આવી છે. આ અભિયાન હેઠળ ઝડપી કનેક્શન વિતરણ, માંગનું એકત્રીકરણ તેમજ કેન્દ્રીય એજન્સીઓ, CGD સંસ્થાઓ અને રાજ્ય વહીવટીતંત્ર વચ્ચે સંકલિત અમલીકરણ પર ખાસ ભાર મુકાયો છે. સાથે જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પાયાના સ્તરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, ઝડપી મંજૂરી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા અને છેવાડાના વિસ્તારો સુધી ગેસ કનેક્ટિવિટી પહોંચાડવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. પરિવર્તનના આ તબક્કામાં પેટ્રોલ, ડીઝલ અને LPG સહિત આવશ્યક ઊર્જા સાધનોના પુરવઠા પર સતત દેખરેખ રાખવાની જવાબદારી પણ રાજ્યોને સોંપવામાં આવી છે.

### પ્રચાર શરૂ થતાં પહેલાં જ ખટપટ..!!!

# મુમતાઝ પટેલ બોલ્યા એકતા વિના પ્રચાર વ્યર્થ

હાલમાં ભરૂચ કોંગ્રેસની આંતરિક ખેંચતાણ ચૂંટણી પૂર્વે પાર્ટી માટે મોટો પડકાર બની

(પ્રતિનિધિ) ભરૂચ, તા.16

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે પ્રચાર શુક્રવારથી શરૂ થવાનો છે, ત્યારે ભરૂચ કોંગ્રેસમાં આંતરિક કલહ અને જૂથબંધીના સમાચાર સામે આવ્યા છે. કથિત રીતે પક્ષમાં ચાલી રહેલા વરવા દશ્યોને લઈને અગ્રણી નેતાઓ પ્રચારમાં આવતાં અચકાઈ રહ્યા છે. આ વચ્ચે સ્વર્ગસ્થ અહેમદ પટેલનાં પુત્રી અને કોંગ્રેસ નેતા મુમતાઝ પટેલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ કરીને સંગઠનને ટકોર કરી છે. તેમણે લખ્યું, "મને પ્રચાર માટે બોલાવી રહ્યા છો પણ એકજૂટતા વગર પ્રચારનો કોઈ અર્થ નથી."



મુમતાઝ પટેલે વધુમાં જણાવ્યું કે જો ચૂંટણી જીતવી હોય તો પહેલાં એક થવું પડશે. તેમના મતે, એકતા વિનાનો પ્રચાર માત્ર ઔપચારિકતા બની રહેશે. તેમણે કાર્યકરોને સીધો સંદેશ આપતાં કહ્યું, "એક થશો તો જ જીતશો, બાકી પ્રચાર વ્યર્થ." નિષ્ણાતોના મતે ચૂંટણી સમરાંગણમાં વ્યૂહાત્મક આયોજન, આદર્શ નૈતિકતા અને સંગઠિત મહેનત બાદ જ ધારેલું પરિણામ મળી શકે છે. હાલમાં ભરૂચ કોંગ્રેસની આંતરિક ખેંચતાણ ચૂંટણી પૂર્વે પાર્ટી માટે મોટો પડકાર બની.

### ચિત્રકલાની ભાષાએ મિલાવ્યો પરિવાર

# વડોદરાની બાળ કલ્યાણ સમિતિ અને દીપક ફાઉન્ડેશન દ્વારા રાજસ્થાનના મુક-બધિર કિશોરનું પુનઃસ્થાપન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

આશરે 7 માસ અગાઉ રેલવે સુરક્ષા દળ વડોદરાને રેલવે સ્ટેશન પરથી એક અસહાય બાળક મળી આવ્યું હતું. આ બાળક મુક-બધિર હોવાથી પોતાની ઓળખ આપી શકતું નહોતું. વડોદરા બાળ કલ્યાણ સમિતિ સમક્ષ રજૂ કર્યા બાદ, બાળકના શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં રાખી તેને આશ્રય માટે 'દીપક ફાઉન્ડેશન ચિલ્ડ્રન હોમ' ખાતે સોંપવામાં આવ્યો હતો. બાળક બોલી કે સાંભળી શકતું ન હોવાથી તેના વતન સુધી પહોંચવું અત્યંત મુશ્કેલ હતું. સંસ્થાના કાઉન્સિલર સંધ્યાબેન સપકાલ દ્વારા તેનું સતત કાઉન્સિલિંગ કરવામાં આવ્યું. દુભાષિયા અને ટ્રાન્સલેટરોની મદદ પણ લેવામાં આવી. આ દરમિયાન કાઉન્સિલરનું ધ્યાન બાળકના ચિત્રકામ પર ગયું.



બાળકે દોરેલા ચિત્રોમાં 'રાજસ્થાની શૈલી'ની છાપ સ્પષ્ટ દેખાતી હતી. આ એક નાનકડી કડીએ તપાસને નવી દિશા આપી કે બાળક નાથદ્વારા, રાજસ્થાન વિસ્તારનું હોઈ શકે છે. બાળ કલ્યાણ સમિતિની મંજૂરી મેળવીને સંસ્થાના પ્રતિનિધિઓ સંધ્યાબેન સપકાલ અને રણજીત પરમાર બાળકને સાથે રાખીને રાજસ્થાન પહોંચ્યા. નાથદ્વારા, કોથરીયા, બીજનોલ, લાલા મંડરી, રબેચા અને સિસવી રોડ જેવા અનેક વિસ્તારોમાં ટીમે બાળકને સાથે રાખીને સઘન શોધખોળ હાથ ધરી. આ રઝળપાટ દરમિયાન અચાનક બાળકના કાકા-કાકી નજરે પડતા જ બાળકે ઈશારાથી તેમને ઓળખી કાઢ્યા હતા. 7 મહિનાના લાંબા વિરહ બાદ કુલદીપ શાન્તિલાલ પ્રજાપત (ઉં.વ. વર્ષ 14) જ્યારે તેના પરિવારને મળ્યો ત્યારે વાતાવરણ અત્યંત ભાવુક બની ગયું હતું.

# આમલાખાડી નવો બ્રિજ સમયસર ન બને તો ટ્રાફિકનો વેધક પ્રશ્ન

(પ્રતિનિધિ) ભરૂચ, તા.16

અંકલેશ્વર-હાંસોટ રોડને ફોર લેન બનાવવાના કામમાં આમલાખાડી પરનો જૂનો અને જર્જરિત બ્રિજ તોડી પાડવામાં આવ્યો છે. તેની જગ્યાએ રૂ.5 કરોડના ખર્ચે નવો ફોર લેન બ્રિજ બનાવવા માટે હમણાં જ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે. જો કે, એપ્રિલ માસના અડધા દિવસો વીતી ગયા છતાં કામની ધીમી ગતિને લઈને ચોમાસા પૂર્વે બ્રિજ તૈયાર થવાની આશંકા વ્યક્ત થઈ રહી છે. હાલમાં આ ડાયવર્ઝન નાના ભૂંગળા નાખીને બનાવવામાં આવ્યું છે. જો ચોમાસા પહેલાં નવો બ્રિજ તૈયાર ન થયો તો ભારે વરસાદમાં ડાયવર્ઝન ઉપરથી પાણી નીકળી જવાની સ્થિતિ સર્જાઈ શકે છે. આવું બનતાં અંકલેશ્વર-હાંસોટ આ મહત્ત્વની કડીરૂપ રોડ પર ટ્રાફિક ઠપ્પ થવાની ભીતિ છે. સુરત શહેર સહિત વિસ્તારના મોટા પ્રમાણમાં વાહનો માટે આ રોડ જીવાદોરી સમાન છે. બંને બાજુના ટ્રાફિક બંધ થવાની નોબત આવી શકે છે. આ અંગે NHAIના અધિકારી ધર્મા ભટ્ટે ટેલિફોનિક વાતચીતમાં



જણાવ્યું હતું કે, અમને આશા છે કે બે મહિનામાં બ્રિજ તૈયાર થઈ જાય તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. લેબરોમાં ખોટી અફવાઓને કારણે કામ હમણાં જ શરૂ થયું છે. સતત કામ થશે તો બ્રિજ બની જશે. નોંધનીય છે કે જો આ બ્રિજ સમયસર નહીં બને તો આવતા ચોમાસામાં તંત્ર સમક્ષ ટ્રાફિકનો વેધક પ્રશ્નાર્થ ઉભો થવાની સંભાવના છે. આવતા ચોમાસામાં વરસાદ થવાના પગલે હાંસોટ અને અંકલેશ્વર વચ્ચેનો માર્ગ સંકટ ઉદ્દભવી શકે એમ છે.જે વાહનચાલકો માટે ગંભીર સમસ્યા સર્જશે.

## ફાસ્ટ ફૂડ અને જંક ફૂડ અંગે જાગૃતિ માટે વિશેષ વ્યાખ્યાનનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

અખિલ ભારતીય સેવા દળ દ્વારા ગીતા મંદિરના સૌજન્યથી સ્વામી વિધ્યાનંદજી વિદ્યાવિહાર શાળાના પટાંગણમાં વિદ્યાર્થીઓમાં આરોગ્ય અંગે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત જાણીતા આયુર્વેદ નિષ્ણાત તેમજ હાસ્ય સમ્રાટ ડૉ. રાજેન્દ્ર કે. હાથી દ્વારા "ફાસ્ટ ફૂડ ને જંક ફૂડ! ધીમું ને કાતિલ ઝેર!" વિષય ઉપર માર્ગદર્શક અને પ્રેરણાદાયક મનનીય વાર્તાલાપ યોજાશે. ાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ફાસ્ટ ફૂડના દોષપ્રભાવ તથા સ્વસ્થ જીવનશૈલી અંગે મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવશે. આ કાર્યક્રમ તા. 17/04/2026 (શુક્રવાર), સવારે 9:00 થી 10:00 વાગ્યા સુધી યોજાશે. વિદ્યાર્થીઓમાં આરોગ્યપ્રદ આહાર પ્રત્યે જાગૃતિ લાવવા માટે આ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થશે તેવી સંસ્થાએ આશા વ્યક્ત કરી છે.

### વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન 2.0 અને નિર્મળ ગુજરાત 2.0

# શહેરના વિવિધ વિસ્તારોમાં વોલ પેઈન્ટિંગની કામગીરી હાથ ધરવામાં આવી

કારેલીબાગ અને લાલબાગ સ્વિમિંગ પૂલ ખાતે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા આકર્ષક પેઇન્ટિંગ્સ કરવામાં આવ્યા

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

સંસ્કારી નગરી વડોદરા હવે કલા અને સ્વચ્છતાના અનોખા સંગમ દ્વારા નવી ઓળખ પ્રસ્થાપિત કરવા જઈ રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશન 2.0 અંતર્ગત 'સ્વચ્છ સર્વેક્ષણ 2025-26' અને 'નિર્મળ ગુજરાત 2.0' અભિયાનને વેગ આપવા માટે શહેરભરમાં વ્યાપક જનજાગૃતિ અને સૌંદર્યીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરની 'વિઝીબલ ક્લીનલીનેસ'માં નોંધપાત્ર વધારો કરવાનો છે. આ



વિશેષ અભિયાન અંતર્ગત તાજેતરમાં તા. 14-04-2026 ને મંગળવાર ના રોજ કારેલીબાગ સ્વિમિંગ પૂલ ખાતે એક ભવ્ય વોલ પેઈન્ટિંગ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની દેખરેખ હેઠળ કારેલીબાગ અને લાલબાગ સ્વિમિંગ પૂલની દીવાલો પર સુંદર અને આકર્ષક ચિત્રો કંડારવામાં આવ્યા છે. આ રંગબેરંગી કલાકૃતિઓ ન માત્ર સ્થળના સૌંદર્યમાં વધારો કરી રહી છે, પરંતુ આવતા-જતા નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર પણ બની રહી છે.

પાલિકા દ્વારા માત્ર મુખ્ય સ્થળો જ નહીં, પરંતુ શહેરના તમામ ઝોનના વિવિધ વોર્ડમાં આવેલા રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારોને પણ આ અભિયાનમાં આવરી લેવામાં આવ્યા છે. વિવિધ દીવાલો પર સ્વચ્છતા આધારિત આકર્ષક, સંદેશાત્મક અને સર્જનાત્મક પેઈન્ટિંગ્સ બનાવવામાં આવી રહ્યા છે. આ ચિત્રો દ્વારા જટિલ લાગતા પર્યાવરણીય મુદ્દાઓને અત્યંત સરળ અને અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યા છે, જેમાં શહેરને કચરામુક્ત રાખવા માટેની પ્રેરણા, કચરાને તેના ઉદ્ભવ સ્થાને જ સૂકો અને ભીનો અલગ કરવાની સમજણ, પ્લાસ્ટિકના ઉપયોગમાં ઘટાડો કરવા અને કુદરતની જાળવણી માટેનો સંદેશ, શહેર પ્રત્યેની પોતાની નૈતિક ફરજો અંગે જાગૃતિ લાવવા જેવા વિષયો પર ભાર મૂકવામાં આવ્યો હતો.


**હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ**

રજિ. ઓફિસઃ 09, કમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - 110057 ફોનઃ 011 49267000, ટોલ ફ્રી નંબરઃ 1800 212 8800, ઈ-મેઇલઃ customer.care@herohfl.com વેબસાઈટઃ www.herohousingfinance.com | CIN: U65192DL2016PLC30148 સંપર્ક સરનામું: ઓફિસ નંબર 408, સિદ્ધાર્થ કોમ્પ્લેક્સ, એક્સપ્રેસ હોટલ પાસે, આર. સી. દત્ત રોડ, અલકાપુરી, વડોદરા, ગુજરાત- 390007

**કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)**

(સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાણે લેતા પરિશિષ્ટ IV મુજબ) જ્યારે, અધોહસ્તાક્ષરકર્તા 'હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'ના અધિકૃત અધિકારી હોવાને નાતે 'સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002' હેઠળ અને કલમ 13(12) સાથે વંચાણે લેતા 'સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002'ના નિયમ 3 હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને નીચે જણાવેલ દેવાદારોને સદર નોટિસની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવી દેવા માટેની માંગણી નોટિસ જારી કરી હતી.
દેવાદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ હોવાથી દેવાદારને ખાસ કરીને અને સામાન્ય જનતાને સૂચિત કરવામાં આવે છે કે, અધોહસ્તાક્ષરકર્તાએ સદર અધિનિયમની કલમ 13(4) સાથે વંચાણે લેતા સદર નિયમોના નિયમ 8 હેઠળ તેમને મળેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લઈ લીધો છે.
દેવાદારને ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓ આ મિલકત સાથે કોઈપણ વ્યવહાર ન કરે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર 'હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ'ના બોજ હેઠળ ગણાશે, જે નીચે જણાવેલ રકમ અને તેના પર લાગતું વ્યાજ, દંડનીય વ્યાજ, ચાર્જિસ, ખર્ચ વગેરેને પાત્ર રહેશે.
દેવાદારનું ધ્યાન સિક્યોર્ડ એસેટ્સ છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

| લોન એકાઉન્ટ નંબર | ઓબ્લિગર(ઓ)/ કાયદેસરના વારસદાર(ઓ)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ) ના નામ | માંગણી નોટિસની તારીખ / માંગણી નોટિસ મુજબની રકમ | કબજાની તારીખ (સાંકેતિક/ પ્રત્યક્ષ) |
|---|---|---|---|
| HHFVADHOU23000040228, HHFVADIPL23000040309 | એસ.કે. અરાફત અલી રુકિયા અરાફતઅલી એસ.કે. | 17-નવેમ્બર-2025 ના રોજ રૂ. 16,58,921/- (15-નવેમ્બર-2025 સુધી બાકી) | 14.04.2026 (ભૌતિક) |

સિક્યોર્ડ મિલકતો/સ્થાવર મિલકતોનું વર્ણનઃ સ્થાવર મિલકતનો તમામ ભાગ અને પાર્સલ જે મોજે પાદરા કસબા, વડોદરામાં આવેલી બિન-ખેતી પ્લોટની જમીન છે, જેનો રેવન્યુ સર્વે નંબર 1141/1 છે, જેનું ક્ષેત્રફળ 5960.00 ચો.મી. છે, ટી.પી. નંબર 2, એફ.પી. નંબર 32/1, જેનું ક્ષેત્રફળ 4826.00 ચો.મી. છે, જે "હસન પાર્ક" તરીકે ઓળખાય છે, બ્લોક નંબર C-30, પ્લોટનું ક્ષેત્રફળ 35.17 ચો.મી., બાંધકામનું ક્ષેત્રફળ 25.12 ચો.મી. અને રસ્તા તથા કોમન પ્લોટનો અવિભાજિત હિસ્સો 18.00 ચો.મી. અને રસ્તા તથા કોમન પ્લોટનો કુલ અવિભાજિત હિસ્સો 53.17 ચો.મી., રજિસ્ટ્રેશન સબ-ડિસ્ટ્રિક્ટ પાદરા અને જિલ્લો વડોદરા ખાતે આવેલ છે. સીમાઓ નીચે મુજબ છેઃ પૂર્વઃ હાઉસ નંબર C-29, પશ્ચિમઃ હાઉસ નંબર C-31, ઉત્તરઃ સોસાયટી રોડ, દક્ષિણઃ ખુલ્લી જમીન.

તારીખઃ 17.04.2026 સ્થળઃ વડોદરા

સહી/-અધિકૃત અધિકારી
હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ વતી



**શિક્ષકો જોઈએ છે**
**(ગુજરાતી - ENGLISH MEDIUM SCHOOL)**

KJIT Savli, વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ આપવાના હેતુથી વડોદરા જીલ્લાના સાવલીમાં સ્થપાયેલ શિક્ષણ સંકુલ છે. હાલ આ કેમ્પસમાં Engineering College, Polytechnic, BCA College, Ayurved College, Ayurved Hospital અને ગુજરાતી તથા English Medium સ્કુલ આવેલ છે. કેમ્પસમાં આવેલી ગુજરાત બોર્ડ સંલગ્ન ગુજરાતી તથા English Medium સ્કુલ માટે આકર્ષક પગારથી, ફૂલ ટાઈમ શિક્ષકો જોઈએ છે.

FOR ENGLISH MEDIUM SCHOOL

| STANDARD | SUBJECTS | QUALIFICATIONS | TEACHERS |
|---|---|---|---|
| KG Section | KG Section | Montesary/PTC/Graduate | 02 |
| Std. 1 to 5 | Science / Maths | B.Sc., B.Ed. / PTC | 02 |
| Std. 5 to 7 | English / S.S. | M.A. OR B.A. / B.Ed. | 01 |
| Std. 4 to 10 | Gujarati / Hindi / Sanskrit | M.A. OR B.A. / B.Ed. | 02 |
| Std. 8 to 10 | Science / Maths | M.Sc. OR B.Sc. / B.Ed | 01 |

ગુજરાતી માધ્યમ માટે

| ધોરણ | વિષય | લાયકાત | શિક્ષક |
|---|---|---|---|
| KG Section | KG Section | Montesary/PTC/Graduate | 01 |
| Std. 1 to 5 | Science / Maths | B.Sc., B.Ed. / PTC | 01 |
| Std. 3 to 6 | Gujarati / Hindi | B.A., B.Ed. / PTC | 01 |
| Std. 6 to 8 | Science / Maths | B.Sc., B.Ed. / PTC | 01 |

પેઈન્ટિંગ : ચિત્રકામ/ક્રાફ્ટ વગેરે શીખવી શકે તેવા : ART & CRAFT Teacher (1 Person)

જરૂરી લાયકાત, યોગ્ય અનુભવ અને સક્ષમ ઉમેદવારોને શ્રેષ્ઠ પગાર તથા સુવિધા મળશે.
SALARY: BEST IN EDUCATION SECTOR.
WE MAY OFFER HIGHER SALARY TO DESERVING CANDIDATES.

કેમ્પસમાં પરિવાર સાથે રહેવા-જમવાની વ્યવસ્થા. Joining - May / June'26 થી

જયકા જન સહાયક ટ્રસ્ટ સંચાલિત વડોદરાથી બસની વ્યવસ્થા

**K. J. VIDHYA MANDIR - SAVLI**

KJIT કેમ્પસ, I.T.I. નવી કોર્ટની સામે, સાવલી-૩૯૧૭૭૦, જિ. વડોદરા.

Candidates can e-mail their resume : info@kjit.org
www.kjit.org | Mob.: 9825458295

રસ ધરાવતા ઉમેદવારો, કામકાજના દિવસોમાં (સમય ૧૦ થી ૫) બાયોડેટા અને જરૂરી પ્રમાણપત્રો સાથે રૂબરૂ મળો અથવા અરજી કરો.


### કોટંબી ક્રિકેટ સ્ટેડિયમમાં વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિઝાઇનનો અભ્યાસ કર્યો

# મુંબઈ ક્રિકેટ એસોસિએશન માટે કાર્યરત એસએસએ આર્કિટેક્ટની ટીમે બીસીએ સ્ટેડિયમની મુલાકાત લીધી

બીસીએ ટીમ દ્વારા પ્રેઝન્ટેશન, સ્ટેડિયમની પ્લાનિંગ ફિલોસોફી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતા અને ઓપરેશનલ સ્ટ્રેટેજી પર પ્રકાશ પાડવામાં આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

મુંબઈ ક્રિકેટ એસોસિએશન મુંબઈમાં એક લાખ ક્ષમતા ધરાવતું અદ્યતન ક્રિકેટ સ્ટેડિયમ નિર્માણ કરવાની યોજના બનાવી રહી છે. એમસીએ માટે કાર્યરત એસએસએ આર્કિટેક્ટની ટીમે બીસીએ સ્ટેડિયમની મુલાકાત લીધી અને તેની વર્લ્ડ-ક્લાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ડિઝાઈનનો અભ્યાસ કર્યો હતો. બીસીએ પ્રેસિડેન્ટ પ્રણવ અમીનના નેતૃત્વ હેઠળ એમસીએના પ્રતિનિધી મંડળને બીસીએ સ્ટેડિયમ ખાતે આવકાર અપાયો હતો. એસએસએ આર્કિટેક્ટની ચાર સભ્યોની સિનિયર ટીમ, જે એમસીએ માટે એક લાખ ક્ષમતા ધરાવતા સ્ટેડિયમ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે, સ્ટેડિયમના આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓપરેશન્સ વિશે મહત્વપૂર્ણ સમજ મેળવવા માટે અહીં આવી હતી. આ મુલાકાતનો હેતુ ડિઝાઈન પ્લાનિંગ, અમલીકરણ અને સ્ટેડિયમ મેનેજમેન્ટના શ્રેષ્ઠ પ્રયોગોને સમજવાનો હતો. મુલાકાતી ટીમમાં પ્રિન્સિપલ અમિત ચૌબલ, એસો.પ્રિન્સિપલ કૌસ્તુભ શિવડે, સિનિયર પ્રોજેકટ મેનેજર બીજલ પરીખ અને સાયલી ગાયકવાડનો સમાવેશ થાય છે. બીસીએ સીઈઓ તરફથી સ્નેહલ પરીખ, એક્સ ટ્રેઝરર એન્ડ સ્ટેડિયમ કમિટી મેમ્બર અજિત પટેલ, મુકેશ પટેલ, સ્ટડીયમ ક્રિકેટિંગ ઈન્ચાર્જ એન્ડ ચીફ ક્યુરેટર અતુલ બેદાડે અને કન્સલ્ટન્ટ એસથ્રીડી ગોપાલ પંખાનિયા સાથે બીસીએની ટીમ હાજર રહી હતી. સીઈઓ સ્નેહલ પરીખ દ્વારા મુલાકાતનો હેતુ સમજાવવામાં આવ્યો. ત્યારબાદ બીસીએ ટીમ દ્વારા વિગતવાર પ્રેઝન્ટેશન અને ચર્ચા કરવામાં આવી, જેમાં સ્ટેડિયમની પ્લાનિંગ ફિલોસોફી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષમતા અને ઓપરેશનલ સ્ટ્રેટેજી પર પ્રકાશ પાડવામાં આવ્યો. ત્યારબાદ પ્રતિનિધિમંડળને સ્ટેડિયમનો વિસ્તૃત માર્ગદર્શિત પ્રવાસ કરાવવામાં આવ્યો, જેમાં તેમને વર્લ્ડ-ક્લાસ સુવિધાઓનો સીધો અનુભવ મળ્યો. એસએસએ ટીમે સ્ટેડિયમના વિવિધ પાસાઓનું નજીકથી નિરીક્ષણ કર્યું અને પ્રવાસ દરમિયાન વિસ્તૃત ચર્ચાઓ કરી હતી.


HDFC BANK We understand your world

**એચડીએફસી બેંક લિમિટેડ** — **પઝેશન નોટિસ**

શાખા : ચોથો માળ, સી વિંગ, શીતલ વેસ્ટપાર્ક ઇમ્પેરિયા, આલ્ફા વન મોલ ઉપરાંત, વસ્ત્રાપુર તળાવ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૨

જ્યારે એચડીએફસી બેંક લિમિટેડના ઓથોરાઇઝ્ડ ઓફિસર (અગાઉની એચડીએફસી લિમિટેડે ૧૭ માર્ચ, ૨૦૨૩ ના રોજના આદેશ દ્વારા માનનીય એનસીએલટી - મુંબઇ દ્વારા મંજૂર કરાયેલ જોડાણની યોજનાના આધારે એચડીએફસી બેંક લિમિટેડ સાથે જોડાણ કર્યું હતું) (એચડીએફસી), સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ("કથિત એક્ટ") હેઠળ અને કલમ ૧૩(૧૨) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમો ૨૦૦૨ ના નિયમ ૩ સાથે વાંચવામાં આવે છે, જેણે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩ (૨) હેઠળ ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં નીચેના ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ (ઓ) ને તેમના નામ સામે ઉલ્લેખિત રકમની ચૂકવણી કરવા માટે કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસોમાં ઉલ્લેખ કર્યા મુજબના દરો, ઉપરોક્ત નોટિસ/ની તારીખથી ૬૦ દિવસની અંદર, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જિસ વગેરે ચુકવણીની તારીખ અને / અથવા અનુભૂતિની તારીખ સુધી.

| ક્રમ ન. | ઋણલેનાર (ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓનું નામ | બાકી લેણાં | ડિમાન્ડ નોટિસ તારીખ | કબજાની તારીખ | સ્થાવર મિલકત(ઓ) / સિક્યોર્ડ એસેટ(ઓ) નું વર્ણન |
|---|---|---|---|---|---|
| એ | બી | સી | ડી | ઈ | એફ |
| 1 | શ્રી શેઠ આલય (ઉધાર લેનાર) શ્રીમતી શેઠ પારિલ (સહ-ઉધાર લેનાર) | ૩૧.૦૭.૨૦૨૫ ના રોજ રૂ. ૪૦,૩૭,૫૭૬/- બાકી | ૧૮.૦૮.૨૦૨૫ | ૧૪.૦૪.૨૦૨૬ ફિઝિકલ પઝેશન | ફ્લેટ-એન/૮૦૩, ૮મો માળ, ડવ ડેક, ટાવર એન, એસ નં. ૧૧, પી ૨, ઓપોઝિટ પાયોનિયર મેડિકલ કોલેજ, અમેરિકન સ્કૂલ ઓફ બરોડા પાસે, વડોદરા - અજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯ |
| 2 | શ્રી શેઠ આલય (ઉધાર લેનાર) શ્રીમતી શેઠ પારિલ (સહ-ઉધાર લેનાર) | ૩૧.૦૭.૨૦૨૫ ના રોજ રૂ. ૪૦,૫૩,૦૨૧/- બાકી | ૧૮.૦૮.૨૦૨૫ | ૧૪.૦૪.૨૦૨૬ ફિઝિકલ પઝેશન | ફ્લેટ-એન/૮૦૪, ૮મો માળ, ડવ ડેક, ટાવર એન, એસ નં. ૧૧, પી ૨, ઓપોઝિટ પાયોનિયર મેડિકલ કોલેજ, અમેરિકન સ્કૂલ ઓફ બરોડા પાસે, વડોદરા - આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯ |

*લાગુ પડતું હોય તે રીતે વધુ વ્યાજ સાથે, આકસ્મિક ખર્ચ, ખર્ચ, ચાર્જ વગેરે ચૂકવણીની તારીખ અને/અથવા પ્રાપ્તિની તારીખ સુધી
જો કે, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) બાકી નીકળતી રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયા હોવાથી, અહીં ઉલ્લેખિત ઋણલેનાર/કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) અને કાનૂની પ્રતિનિધિઓને અને સામાન્ય રીતે જનતાને નોટિસ આપવામાં આવે છે કે એચડીએફસીના અધિકૃત અધિકારી/ઓ એ કલમ ૧૩(૪) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને ઉપર જણાવેલ સ્થાવર મિલકત (ઓ) / સુરક્ષિત સંપત્તિ (ઓ) નો ભૌતિક કબજો લીધો છે. ઉપરોક્ત અધિનિયમની ઉપર જણાવેલ તારીખો પરના ઉપરોક્ત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવે છે.
અહીં ઉલ્લેખિત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો અને કાનૂની પ્રતિનિધિઓ(ઓ) ખાસ કરીને અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીંથી ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથે વ્યવહાર ન કરવા ચેતવણી આપવામાં આવે છે અને ઉપરોક્ત સ્થાવર મિલકત (ઓ) / સિક્યોર્ડ એસેટ્સ (ઓ) સાથેનો કોઈ પણ વ્યવહાર એચડીએફસીના મોર્ગેજને આધિન રહેશે.
ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદારો/કાનૂની પ્રતિનિધિ(ઓ) ધ્યાન સુરક્ષિત સંપત્તિ/ઓ ને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ ૧૩ ની પેટા-કલમ (૮) ની જોગવાઈઓ પર આમંત્રિત કરવામાં આવે છે.
પંચનામાની નકલો દોરવામાં આવી હોય અને માલ સુચિ કરવામાં આવેલ હોય તે અન્ડરસહી કરેલ વ્યક્તિ પાસે ઉપલબ્ધ હોય છે, અને ઉક્ત ઋણલેનાર(ઓ) / કાનૂની વારસદાર(ઓ) / કાનૂની પ્રતિનિધિ (ઓ) ને ઓફિસના સામાન્ય કલાકો દરમિયાન કોઈ પણ કામકાજના દિવસે નીચે સહી કરાયેલ પાસેથી સંબંધિત નકલ એકત્રિત કરવા વિનંતી કરવામાં આવે છે.

તારીખ : ૧૬.૦૪.૨૦૨૬
સ્થળ : વડોદરા

એચડીએફસી બેંક લિ.
સહી/-
અધિકૃત અધિકારી

રજિસ્ટર્ડ ઓફિસ: એચડીએફસી બેંક લિમિટેડ, એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (વેસ્ટ). મુંબઈ-૪૦૦૦૧૩. CIN: L65920MH1994PLC080618 વેબસાઇટ: www.hdfcbank.com